આપણું પોતાનું અખબાર

ઇશ્વરમાં માનવું એટલે ભ્રમ અને ભેદમાંથી મુક્ત થવું - **ઓશો**


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૫૭ | ૧૦ માર્ચ, ૨૦૧૪, સોમવાર; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● ભારતીય દ્રાક્ષની યુરોપ, યુ.કે.માં નિકાસ**

દ્રાક્ષની સિઝનનો પ્રારંભ થતા જ વિદેશોમાં પણ ભારતીય



દ્રાક્ષની માંગનો વધારો થયો છે. મહારાષ્ટ્ર દ્રાક્ષનું ઉત્પાદક અને નિકાસકાર રાજ્યમાં સૌથી મોખરે છે. યુરોપ, રશિયા, બાંગ્લાદેશ અને મિડલઈસ્ટમાં ભારતીય દ્રાક્ષની જબરી માંગને પગલે ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહ્યા છે.

**● દિલ્હીના સેન્ટ્રલપાર્કમાં ૨૦૭ ફૂટ ઊંચો ધ્વજ લહેરાયો**

કુરૂક્ષેત્રના સંસદ સભ્ય



અને જીન્દાલ સ્ટીલ એન્ડ પાવરના અધ્યક્ષ નવીન જીન્દાલે સેન્ટ્રલ પાર્કમાં દિલ્હીના સૌથી ઉંચા ૨૦૭ ફીટના સ્મારક ધ્વજ પોલ પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો. ફલેગ ફાઉન્ડેશનના સ્થાપક નવીન જીન્દાલે ૨૦૦૯માં 'સ્મારક ધ્વજપોલ'નો વિચાર આપ્યો હતો.

**● કાજોલ ૧૦૦ કરોડની માલિક**

જાજરમાન અભિનેત્રી કાજોલના હાથમાં ભલે અત્યારે



કોઈ ફિલ્મ ન હોય પરંતુ તે ૧૦૦ કરોડની માલિક બની ગઈ છે. એક રીપોર્ટ પ્રમાણે કાજોલની કુલ સંપત્તિનો આંકડો ૧૦૦ કરોડથી વધુનો છે. મુંબઈના પોશ એરિયા જુહુમાં રહેતી કાજોલ અને તેના પતિ અજય દેવગનનું કજેતમાં પણ મોટુ ફાર્મહાઉસ છે. તે સિવાય તેઓએ લંડનમાં પણ ઘર ખરીદ્યુ હોવાનું કહેવાઈ રહ્યું છે.

## આવતીકાલે રાહુલ ગાંધીની બાલાસીનોરમાં જાહેરસભા

ગાંધીનગર, તા. ૯

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ૧૧મીએ બાલાસિનોર જી. મહિસાગર ખાતે જાહેર સભાનો સંબોધન કરશે.

૧૧મીએ રાહુલ ગાંધી કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ગુજરાત આવશે. આગામી લોકસભાની ચૂંટણી પ્રચારને લઈ બાલાસિનોર ફાગવેલ રોડ પર આવેલી માનવ રેસ્ટોરન્ટ સામે ૧૧મીએ ૧૨.૦૦ કલાકે જંગી જનમેદનીને સંબોધન કરશે. ગુજરાતમાં રાહુલ ગાંધીની આ બીજી જાહેરસભા થશે. અગાઉ દક્ષિણ ગુજરાતના પ્રવાસે તેઓ આવ્યા હતા.

## કચ્છમાં ભૂકંપના હળવા આંચકા

ગુજરાતમાં કચ્છ જિલ્લાના ભચાઉ ક્ષેત્રમાં વહેલી પરોઢે ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. જેના કારણે લોકોમાં દહેશત જોવા મળી હતી. જોકે, આના લીધે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. ભુકંપ સાથે સંબંધિત ગતિવિધિ ઉપર નજર રાખનાર સંસ્થાએ માહિતી આપતા કહ્યું છે કે, આજે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ ઉપર આની તીવ્રતા ૪.૧ જેટલી નોંધવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર ભચાઉથી ૧૧ કિલોમીટર ઉત્તર-પૂર્વે હોવાનું જાણવા મળ્યું છે.

# જિલ્લામાં વધુ પાંચ હજાર નવા મતદારો નોંધાયા

## સૌથી વધુ ગાંધીનગર (દ) માં યુવા મતદારો બહાર આવ્યા; કલેક્ટરે ગાંધીનગર (ઉ)માં તો અધિક કલેક્ટરે ગાંધીનગર (દ)માં મતદાન મથકો પર રાઉન્ડ લીધા; શહેરમાં ૬૦૦થી વધુ નવા મતદારો

ગાંધીનગર, તા.૯

કેન્દ્રીય ચૂટણી પંચે નવા



(તસવીર : કશ્યપ નિમાવત)

મતદારોના નામ નોંધવા માટે આજે યોજેલા એક ખાસ કેમ્પમાં જિલ્લામાં પાંચ હજારથી વધુ યુવા મતદારોએ તેમના નામ દાખલ કરવા માટેના ફોર્મ રજુ કર્યા છે.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિસ્તારના ૧૧૬૧ મતદાન મથકો પર યોજવામાં આવેલ આ ઝુંબેશને અત્યંત સારો પ્રતિસાદ મળ્યો હતો. સવારે ૧૦ વાગ્યાથી જ મતદારો મતદાન મથકે જઈ તેમના નામની ચકાસણી કરતા જણાયા હતા તો ૧-૧-૨૦૧૪ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા નવા યુવા મતદારો તેમના ફોર્મ ભરીને બી.એલ.ઓ.ને આપતા નજરે પડયા હતા.

ગાંધીનગર શહેર જે ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં આવે છે શહેરમાં ૬૦૦થી વધુ યુવા મતદારોએ આજે તેમના ફોર્મ ભરીને રજુ કર્યા છે.

જિલ્લામાં સૌથી વધુ નવા મતદારો ગાંધીનગર (દ)ની બેઠક પર નોંધાયા છે. આજે પણ ૧૨૦થી વધુ ફોર્મ આ બેઠક પર ભરાઈને આવ્યા છે. આ પછી બીજા ક્રમે ગાંધીનગર (ઉ)ની બેઠક આવે છે જયાં ૧૦૦૦થી વધુ ફોર્મ્સ મળ્યા છે.

જિલ્લામાં આજે આ ઝુંબેશને વધુ વેગીલી બનાવવા માટે કલેકટર ડૉ. સ્વરૂપે ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તારના ઘણા બધા બુથોની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત અધિક જિલ્લા કલેકટર ડૉ. એમ.બી. મોડિયાએ ગાંધીનગર (દ)ની બેઠક પર અડાલજ, કુડાસણ, ભાઈજીપુરા, વલાદ, પાલજ, રાયસણ, ઉવારસદ સહિતના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લીધી હતી.

મળતી વિગતો મુજબ આ ઝુંબેશ દરમિયાન જે યુવા મતદારો બી.એલ.ઓ. પાસે ફોર્મ રજુ કરી ગયા છે તેની ચકાસણી બે દિવસમાં પૂર્ણ કરાશે. આ ઉપરાંત જે મતદારો ફોર્મ લઈ ગયા છે પણ પુરાવાના અભાવે ફોર્મ પરત ના આપ્યું હોય તેવા મતદારોની નોંધણી માટે પણ બે દિવસ દરમિયાન બી.એલ.ઓ. દ્વારા કેચ અપ રાઉન્ડની કામગીરી પણ કરવાની રહેશે.

આજે આ અભિયાન અંતર્ગત સેકટરલ સુપરવાઈઝરોએ પણ સમાંયતરે બુથોની મુલકાત લીધી હતી અને ચાલી રહેલા અભિયાનના પ્રતિસાદની વિગતો મેળવી પંચને પોતાનો અહેવાલ આપ્યો હતો. આજની આ ઝુંબેશ દરમિયાન જિલ્લાની હેલ્પલાઈન નંબર પર પણ ઘણા બધા મતદારોએ તેમના નામની ચકાસણી કરી હતી. આ હેલ્પલાઈન પર આજે દિવસ દરમિયાન સૌથ વધુ કોલ્સ આવ્યા હતા.

બી.એલ.ઓ. પાસે જે મતદારોએ અગાઉ અરજી કરી હતી તેની પણ યાદી હોવાથી ડુપ્લીકેટ અરજીઓ ટાળવામાં પંચને સારી એવી સફળતા મળી છે.

આજના આ અભિયાનને પગલે જિલ્લા તંત્રની કચેરીઓ મોડી સાંજ સુધી ધમધમતી રહેવા પામી હતી.



આંબે આવ્યો મ્હોંર નહિ પણ ફળોના રાજાનું આગમન થઈ ચુક્યુ છે. ઉનાળાના આરંભે જ કટમી કેરીઓ આંબા પર જોવા મળી રહી છે. આ વખતે દેશી કેરી સારી એવી થશે તેવા અંદાજો છે. જો કે હજુ બજારમાં આવતાં એકાદ સપ્તાહનો સમય લાગશે. ગાંધીનગર શહેરમાં આંબાની સંખ્યા નોંધપાત્ર છે. ક્યાંક ક્યાંક તો આખા આંબાવાડિયા છે... કેરીની મોસમ આવે એટલે સૌને મીઠા મધુરા કેરીના રસની યાદ આવે.... આંબા ઉપર કેરીનું ફળ આવતા જ સૌના મનમાં હાશ થાય... આ ઉનાળે મજા પડશે... ગાંધીનગરના આંબાઓ ભલે કાચી કેરી આપે પણ કેરીને ખાવાની જેટલી મજા આવે છે એટલી નિહાળવાની પણ મજા હોય છે... ફળોનો રાજા ગણાય. ખટાશથી મીઠાશ સુધી પહોંચવાની ક્ષમતા માત્ર કેરીમાં જ છે... અને માનવ જાત માટે સંદેશારૂપ છે. ખટાશ છોડીએ, મીઠાશ અપનાવીએ.... *(તસવીર : કશ્યપ નિમાવત)*

# ભાવનગર લોકસભા બેઠક માટે કોંગ્રેસના ઉમેદવાર તરીકે પ્રવિણ રાઠોડ

ગાંધીનગર, તા. ૯

ભાવનગર લોકસભા બેઠકના ઉમેદવાર પસંદગી માટેની યોજાયેલી આંતરીક ચૂંટણીમાં વિજય થયેલા પ્રવિણ રાઠોડ ભાવનગર બેઠકના ઉમેદવાર નક્કી કરવામાં આવ્યા છે.

આગામી લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ દેશની કેટલીક લોકસભા બેઠકો માટેના ઉમેદવારો આંતરીક ચૂંટણીથી નક્કી કરવાની યોજના અમલમાં મુકી હતી જે અંતર્ગત ગુજરાતની ભાવનગર લોકસભા બેઠક માટે કોંગ્રેસના રાષ્ટ્રીય નિરીક્ષકોની ઉપસ્થિતિમાં આંતરીક ચૂંટણી યોજવામાં આવી હતી.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આંતરીક ચૂંટણીમાં પાલીતાણાના કોંગ્રેસના ધારાસભ્ય પ્રવિણ રાઠોડ સહીત કુલ ચાર ઉમેદવારો મેદાનમાં હતા. ચૂંટણીમાં ૫૬૫ કાર્યકરો આગેવાનોએ મતદાન કર્યુ હતુ. જેમાં પ્રવિણ રાઠોડને ૩૦૦ થી વધુ મત મળતા તેઓ વિજય થવા પામ્યા હતા.

ચૂંટણીમાં વિજય થતા હવે પ્રવિણ રાઠોડને ભાવનગર લોકસભા બેઠક માટેના ઉમેદવાર નક્કી કરવામાં આવ્યા છે. ભાવનગર ઉપરાંત બરોડા લોકસભા બેઠક માટે આંતરીક ચૂંટણીથી જ ઉમેદવારની પસંદગી કરવામાં આવનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ દ્વારા ગઈકાલે ગુજરાતની નવ લોકસભા બેઠકો માટેના ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા બાદ આજે ભાવનગર લોકસભા બેઠક માટેના ઉમેદવાર નક્કી કરવામાં આવ્યા છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બાકી રહેલ ગુજરાતની ૧૬ બેઠકો માટેના ઉમેદવારોના નામોની પસંદગી કરીને આગામી સપ્તાહ બાદ જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# રાંધણગેસની અછત ન સર્જાય તે જોવા ઓઈલ કંપનીઓને ખાસ સુચના

ગાંધીનગર, તા. ૯

દેશમાં રાંધણગેસની તંગી નિવારવા અને લાંબુ વેઈટીંગ લીસ્ટ ન રહે તે માટે સરકારે તમામ ઓઈલ કંપનીઓને સુચના આપી છે કે તેમનું ઉત્પાદન ચોક્કસ સ્તર પર જળવાઈ રહે તેથી બજારમાં પુરવઠાની ખેંચ ઉભી ન થાય. હવે દેશમાં ચૂંટણીનો માહોલ છે ત્યારે સરકાર એ ચોક્કસ જોવા માંગે છે કે દેશમાં રાંધણગેસની અછત ન સર્જાય.

આગામી દિવસોમાં લગ્નસરાની મૌસમ શરૂ થશે. ત્યારે રાંધણગેસની ડિમાન્ડ વધી જશે. ચૂંટણીના કારણે પણ આ માંગ વધવાની ધારણા છે. સરકારે તમામ સરકારી કંપનીઓ ઉપરાંત ખાનગી કંપનીઓને પણ પ્રોડક્શન જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે. દેશમાં અગાઉથી જ એલપીજીના ઉત્પાદન કરતા માંગ વધુ છે તેથી પુરવઠો જાળવી રાખવા હાલ આયાતથી કામ ચલાવવુ પડે છે. હવે આ સ્થિતિમાં દેશમાં રાંધણગેસ-પુરવઠો પુરો પાડતી ૨૦માંથી કોઈપણ કંપનીઓ જો તેનુ ઉત્પાદન ઘટાડે તો બજારમાં પુરવઠા પર અસર થઈ શકે છે. ઉપરાંત કંપનીઓને પેટ્રોલ-ડીઝલ કરતા રાંધણગેસના વેચાણમાં વધુ ખોટ જાય છે. અને સરકારી સબસીડી મળતી નથી તેથી કંપનીઓ રાંધણગેસ ઉત્પાદનમાં ક્યારેક બ્રેક મારે છે. પણ સરકારે સાવધ રહી તે માટે ઉત્પાદન જાળવવા સુચના આપી દીધે છે.





